તાત્કાલિક/ઇ-મેઇલ

ક્રમાંકઃઅનદ/ધ/ફાજલ/૨૦૧૨-૧૩/
કમિશનર, શાળાઓની કચેરી,
૮/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૫ /૦૧/૨૦૧૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષયઃ-બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાનાં ફાજલ શિક્ષકોને સમાવવા બાબત.

સંદર્ભઃ- (૧) શિ.વિ.ના ઠરાવ ક્રબમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૨/૧૧/૨૦૧૦

(૨) શિ.વિ.ના ઠરાવ ક્રબમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૫/૨/૨૦૧૧.

(૩) શિ.વિ.ના ઠરાવ ક્રબમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૪/૫/૨૦૧૨.

(૪) શિ.વિ.ના ઠરાવ ક્ર: ક્રપીઆરઇ/૧૧૨૦૧૨/૪૧૪૯૫૭/ક, તા.૧૪/૦૮/૨૦૧૨

(૫) આ કચેરીના પત્રાંકઃધ/માધ્ય/ફાજલ/૨૦૧૨-૧૩/૧૪૬૧૪-૬૪૦, તા.૧૬/૬/૨૦૧૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ શિ.વિ.ના ઠરાવની જોગવાઇઓથી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ફાજલ શિક્ષકોને સમાવવાની જોગવાઇઓ કરવામાં આવેલ છે.

આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ચાલુ વર્ષે મંજુર કરવામાં આવેલ વર્ગવધારા / નિવૃત્તિ / રાજીનામાના કારણે ખાલી પડેલ જગ્યાઓ ઉપર ફાજલ શિક્ષકોની સમાવવાની કાર્યવાહી તા.૦૭/૦૧/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. //

સમાવવાના બાકી તેમજ વિષયવાર ખાલી જગ્યાઓની માહિતી તા.૦૮/૦૧/૨૦૧૩ની સ્થિતિએ આ સાથે સામેલ નિયત નમુનાના પત્રકોમાં તાત્કાલિક તા.૦૮/૦૧/૨૦૧૩ના રોજ ઇ-મેઇલ / ફેકસથી મોકલી આપવા વિનંતી.

વિશેષમાં નોંધવાનું કે ઉ.મા. વિભાગના શિક્ષકોની ખાલી જગ્યા ભરવા અંગેની પ્રક્રિયા ખુબ જ ટુંકા ગાળામાં શરૂ થવાની હોય આપના જિલ્લાની અધ્યતન વિગતો મેળવવી જરૂરી છે. આ માટે આ કચેરીનાં ઓડિટ શાખાના અધિકારીશ્રીઓ આપની કચેરીમાં આવ્યેથી તેઓને પણ જરૂરી અધ્યતન ખાલી જગ્યાઓની વિગતો આપના પ્રમાણપત્ર સહિત પુરી પાડવા વિનંતી છે.

(ઇ.પી.દેસાઇ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

બીડાણઃ-ઉપર મુજબ